# નવરાત્રીમાં ભાષા શિક્ષકની ફરજ

નવરાત્રીને ભારતીય સંસ્કૃતિનું પ્રતીક ગણી શકાય. તેમાં પણ ગુજરાત માટે તો તેનું સ્થાન અનેરું છે. આધુનિક રીતે કહીએ તો નવરાત્રી તો ગુજરાતની બ્યુટી છે. આખું ગુજરાત-નાનેરાં કે મોટેરાં સૌ માટે નવરાત્રીએ માત્ર ધાર્મિક તહેવાર જ ન રહેતાં સામાજિક તહેવાર બની ગયો છે. જાણે કે નવરાત્રીમાં જ આખા વર્ષની શકિતનું સંરક્ષણ અને સંવર્ધન શતું જોવા મળે છે. જે શકિતને આધારે આવતું નવું વર્ષ આનંદ કિલ્લોલ અને યાદોના સંભારણા સાથે પસાર થાય છે. નવરાત્રીમાં ગરબા અને રાસ દ્વારા બાળકો અને મોટેરાંઓમાં સંગીતની સાથે સર્જનાત્મકતા પણ વિકસે છે. નવરાત્રીમાં ગવાતાં ગીતો, ગરબા કે જેમાં લોકસાહિત્ય વણાયેલ છે, તેને ગુજરાતના ઘરેણાં તરીકે ગણી શકાય. આ લોકસાહિત્યને આધાર બનાવીને નવરાત્રીના સમયે બાળકોમાં કેટલાંક ભાષા કૌશલ્યો વિકાસાવી શકાય. તે કામને અન્ય દિવસો પર છોડી દઈએ તો પણ નવરાત્રીમાં ગવાતાં ગરબા કે અન્ય કૃતિઓનું રસદર્શન કરાવવામાં આવે તો ભાષાકીય રીતે શાળા-કોલેજોમાં એક મહત્ત્વનું કામ થયું ગણાય. કારણકે નવરાત્રીમાં ગવાતાં ગરબા મોટાભાગે લોકસાહિત્યમાંથી આવેલાં છે, જે આપણી સંસ્કૃતિ છે, જેને આપણે સાહિત્યનાં ઘરેણાં ગણીએ છીએ. આજે પણ નવરાત્રી દરમિયાન ગવાતી માતાજીની આરતી " મા જય આદ્યાશકિત...... " જ ગવાય છે. ત્યારે તેનું રસદર્શન કરાવવામાં આવે તો બાળકોને મજા પડી જાય. આમપણ જે ગીત મોઢે થઇ ગયું હોય તેનું ભાષાકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક રીતે મહત્ત્વ જાણતાં હોઇએ તો તે ગીત ગાતી વખતે કે મમળાવતી વખતે ખૂબ જ મજા પડી જાય. ત્યારે ભાષાના શિક્ષકોએ આ તક ઝડપી લઇને આ નવ દિવસમાં ગવાતાં કેટલાંક ગીતોનું રસદર્શન કરાવવું જોઇએ.

નવરાત્રીમાં ગવાતી આરતીના રચિયતા સુરતના નાગર ફળિયામાં રહેતાં શિવાનંદ પંડયા છે. આ આરતી આજથી દોઢસો પોણા બસો વર્ષ પહેલાં રચાયેલી છે. જેમાં સમયાંતરે શબ્દો અને ઢાળમાં ફેરફાર થયેલ છે. પણ અર્થ એનો એજ રહેલો છે. આ ઉપરાંત પૂનમ પછીની પંકિતઓ પછી ઉમેરાયેલ છે.

આરતીમાં આવતી કેટલીક પંકિતઓનો ભાવાર્થ સમજીએ. દ્વિતીયા બેય સ્વરૂપ......પંકિતમાં જેમાં શિવ અને શકિત બંને મા તારાંજ સ્વરૂપ છે. તૃતિયા ત્રણ સ્વરૂપ એટલેકે, મહા સ્વરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી. ત્રિભૂવનમાં બેઠાં એટલે પાતાળ, પૃથ્વી અને સ્વર્ગમાં બિરાજમાન છો. ત્રયા થકી તરવેણી એટલેકે, ગંગા, યમુના અને સરસ્વતી તેમ જ જ્ઞાન, મોક્ષ અને ભક્તિનો ત્રિવેણી સંગમ છો. ચોથે ચતુરા મહાલક્ષ્મી......પંકિતમાં મહાલક્ષ્મીને સૌથી ચતુર શકિત ગણેલ છે. પ્રગટયાં દક્ષિણમાં એટલે કે આપનો ભક્તિપંથ સૌ પ્રથમ દક્ષિણમાં પ્રગટ થયેલ છે. પંચમી પંચઋષિ પંકિતમાં ખુબ જ સુંદર રીતે વર્ણાનુપ્રાસ અલંકારનો ઉપયોગ કરેલ છે. પાંચ તત્ત્વોમાં એટલેકે પૃથ્વી, આકાશ, વાયુ, જળ અને તેજ. દૈત્યોને હણનારી મહાકાલી મા આઠ ભૂજાવાળી મનાય છે. હે મા તારી કૂખે જ દૈત્યો, શુભ અશુભ તત્ત્વો, શ્રવણ ભક્તિ કરનારા સુનિવર અને મનન ભક્તિ કરનારા મુનિવર જન્મયાં છે.

નવમી નવ કુલ નાગ સેવે નવદુર્ગા....પંકિતમાં નવે નવ કુળના નાગ આપને ભજે છે અને નવદુર્ગાનું પૂજન કરે છે. નવદુર્ગા એટલે શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિ. શ્યામાને રામા એટલે રાધા અને સીતાનો અર્થ સમજવો જરૂરી છે.બારસે બાળરૂપ, બહુચરી અંબા મા એટલેકે, બાળસ્વરૂપે બારસના દિવસે પ્રગટેલાં એમ મનાય છે. બટુક ભૈરવ સોહિયે, કાળ

ભૈરવ સોહિયે ....પંક્તિમાં બટુક ભૈરવ એટલે ક્ષેત્રપાલ અને કાલભૈરવ એ તારાં સેવકો છે. તમારી અડખે પડખે એ શોભે છે.

તેરસે તુળજા ભવાની....પંક્તિમાં તેરમું સ્વરૂપ તુળજા ભવાની છે. મહારાષ્ટ્રમાં કોલ્હાપુરમાં બિરાજેલ છે અને છત્રપતિ શિવાજીના કુળદેવી છે. ચૌદમું સ્વરૂપ ચંડિકા-ચામુંડાનું ગણાય છે. એ ચૌદ ભુવન અને ચૌદવિદ્યા સ્વરૂપમાં બિરાજમાન છે. પૂનમે કુંભભર્યો... પંક્તિમાં પૂનમ એટલે પૂર્ણતા. ચંદ્ર પૂરેપૂરો ખીલેલો હોય. વશિષ્ઠ અને માર્કંડ ઋષિએ પણ અનેક કાવ્યો-સ્તવનો દ્વારા આપનો મહિમા ગાયો છે. ત્રંબાવટી અને રૂપાવટી નગરી ...પંક્તિમાં નગરીના નામો તો પ્રતીક છે. પણ કહેવાનો અર્થ એ છે કે તમે સર્વત્ર વ્યાપેલાં છો. સોળ સહસ્ત્ર ત્યાં સોહિયે એટલે કે સોળ હજાર ગોપી સ્વરૂપ પણ આપ જ છો. અહીં કેટલીક પંક્તિઓમાં સમાયેલ શબ્દોના અર્થની વાત કરી છે. જેના વિશે ખૂબ જ ઓછા ગુજરાતીઓ જાણે છે. ખરેખર તો સૌ ગુજરાતી કે જે આ આરતી અવારનવાર ગાય છે તેણે આરતીમાં સમાવિષ્ટ દરેક શબ્દનો અર્થ અને મહત્ત્વ જાણી લેવાં જોઇએ.

આમ ૧૫૦-૧૭૫ વર્ષો પહેલાં આપણાં એક ગુજરાત કવિએ રચેલી મા આદ્યશક્તિની આ આરતી આજે જગવિખ્યાત બની ગઇ છે. દુનિયાભરમાં આ આરતી ગવાય છે. ત્યારે એક ગુજરાતી તરીકે આપણ સૌને તેના ભાવાર્થનો ખ્યાલ હોવો જ જોઇએ. આ કામ શાળા-કોલેજોએ ઉપાડી લેવું જોઇએ. પછી એવું કહેવાની જરૂર નથી કે અમારા પાઠ્યક્રમમાં આ કાવ્ય નથી. શિક્ષકોએ પોતાની નૈતિક ફરજ સમજીને બાળકોને નવરાત્રીમાં ગવાતા કેટલાંક ગીતોનું પણ રસદર્શન કરાવી આપણી સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનમાં પોતાનો ફાળો આપવો જોઇએ. આ કામ ભાષા શિક્ષક જ સારી રીતે કરી શકશે. આમ પણ નવરાત્રીના દિવસોમાં મોટાભાગે દરેક શાળા-કોલેજોમાં એક દિવસ માટે ગરબા ગવડાવામાં આવે જ છે. તો તે દિવસે માની આરતી કે જે જગવિખ્યાત છે તેનું રસદર્શન પણ કરાવવું જોઇએ. આ ઉપરાંત સમય મળે ત્યારે અથવા તો નવરાત્રી દરમિયાન જ ચોક્કસ આયોજન કરીને ખુબ જ મોટા પ્રમાણમાં ગવાતાં ગરબાઓમાંથી કેટલીક કૃતિઓનું પણ રસદર્શન કરાવવું જોઇએ. આ કામ શાળા-કોલેજ નહીં કરે તો પછી કોણ કરશે?